વન વિભાગની બેદરકારી | કિંમતી વનસ્પતિ બળીને ખાખ અને વન્ય જીવોને મોટા પાયે નુકસાનની ભીતિ

# સંતરામપુરના ઐતિહાસિક હવા મહેલ પાસે જંગલમાં ભીષણ આગથી દોડધામ

**રહેણાંક વિસ્તાર** પર તોળાયું જોખમ, સ્થાનિકો અને ફાયર બ્રિગેડની ભારે જહેમત બાદ આગ કાબૂમાં

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૧

સંતરામપુર નગર વિસ્તારમાં આવેલા ઐતિહાસિક હવા મહેલ નજીકના જંગલ વિસ્તારમાં અગમ્ય કારણોસર અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ભારે દોડધામ મચી ગઈ હતી. આ આગ જોતજોતામાં જંગલના વિશાળ વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી, જેમાં કિંમતી વનસ્પતિઓ બળીને ખાખ થઈ ગઈ છે. જંગલની તદ્દન નજીકમાં જ રહેણાંક વિસ્તાર હોવાથી સ્થાનિક રહીશોમાં પણ ભારે ગભરાટ ફેલાયો હતો.

આ ઘટનાની વિગતો મુજબ, હવા મહેલ નજીક લાગેલી આ આગની તીવ્રતા એટલી વધારે હતી કે વન્ય પ્રાણીઓ અને પક્ષીઓને મોટા પાયે નુકસાન થયું હોવાનો અંદાજ છે. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આગ પર કાબૂ મેળવવા માટે અન્ય ફાયર ફાઈટરોને પણ બોલાવવામાં આવ્યા હતા અને



પાણીનો મારો ચલાવીને આગને રહેણાંક વિસ્તાર તરફ વધતી અટકાવવામાં આવી હતી.

આ સમગ્ર ઘટનામાં વન વિભાગની ભૂમિકા સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં વારંવાર આગ લાગવાના બનાવો બને છે, તેમ છતાં સંતરામપુર ફોરેસ્ટ વિભાગ સંપૂર્ણપણે નિષ્ક્રિય જણાયું હતું. જંગલ બચાવવા માટે વન વિભાગની કોઈ સક્રિય કામગીરી કે ગંભીરતા જોવા મળી નહોતી.

અંતે, સ્થાનિક આગેવાનો, હવા મહેલના જાગૃત કર્મચારીઓ અને નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમે સંયુક્ત રીતે મોરચો સંભાળી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. હાલમાં સ્થાનિક રહીશો દ્વારા એવી માંગ કરવામાં આવી રહી છે કે વારંવાર લાગતી આ આગ પાછળના જવાબદાર તત્વો કોણ છે ? તેની વન વિભાગ દ્વારા તટસ્થ અને ઊંડી તપાસ કરવામાં આવે અને કડક કાર્યવાહી કરવામાં આવે.

## આણંદમાં રૂ. ૪.૦૧ કરોડના દારૂના જથ્થા પર રોડ રોલર ફરી વળ્યું



આણંદ પોલીસ દ્વારા દારૂબંધીના કાયદાના કડક અમલીકરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આણંદ અને ઉમરેઠ ડિવિઝનના વિવિધ પોલીસ સ્ટેશનોમાં છેલ્લા પાંચ માસ દરમિયાન જપ્ત કરાયેલા અંદાજિત રૂ. ૪,૦૧,૧૨,૫૭૩ના વિદેશી દારૂના વિશાળ જથ્થાનો વિધિવત નાશ કરવામાં આવ્યો હતો. બેડવા ગામની સીમમાં, એક્સપ્રેસ હાઈવે નજીક આવેલી સરકારી ખુલ્લી જમીન પર આ કામગીરી કરવામાં આવી હતી. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને કમિટીના સભ્યોની સીધી દેખરેખ હેઠળ રોડ રોલર અને બુલડોઝર ફેરવીને વિવિધ બ્રાન્ડની કુલ ૧,૨૭,૭૨૦ દારૂની બોટલો અને ટીનનો કુરચો બોલાવી દેવાયો હતો.

# સાખેજમાં ચૂંટણી અદાવતને લઈ પૂર્વ સરપંચ પર હુમલો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

ખેડા તાલુકાના સાખેજ ગામમાં સ્થાનિક ચૂંટણીઓ સંપન્ન થયા બાદ પણ રાજકીય અદાવત યથાવત રહી છે. ગત રાત્રિના સમયે ગામના માજી સરપંચ પ્રવિણસિંહ તખતસિંહ ઝાલા પર સામા પક્ષના ટોળાએ રાજકીય અદાવત રાખીને લાકડીઓ અને અન્ય હથિયારો વડે જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

આ ઘટનાની વિગત મુજબ, માજી સરપંચ પ્રવિણસિંહ ગામના એક પાનના ગલ્લે બેઠા હતા ત્યારે સામા પક્ષના લોકોનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું. હુમલાખોરોએ તમે ચૂંટણીમાં અમારી સામે ઉમેદવાર કેમ ઉભો રાખ્યો છે?" તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો અને જોતજોતામાં લાકડીઓ વડે તૂટી પડ્યા હતા. હુમલાખોરોએ તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી હતી. આ સમગ્ર હિંસક ઘટના પાનના ગલ્લા નજીક લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પ્રવિણસિંહ ઝાલાને તાત્કાલિક નડિયાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ હોવાથી તેમની સઘન સારવાર ચાલી રહી છે. ઈજાગ્રસ્ત માજી સરપંચે આક્ષેપ કર્યો છે કે આ હુમલો પૂર્વ આયોજિત હતો. આટલી ગંભીર ઘટના અને સીસીટીવી ફૂટેજ ઉપલબ્ધ હોવા છતાં, 12 કલાકથી વધુ સમય વીતી જવા છતાં પોલીસે હજુ સુધી કોઈ સત્તાવાર ફરિયાદ નોંધી ન હોવાનું જાણવા મળ્યું હતું.

ખોટા દસ્તાવેજો, બોગસ જીઓ ટેગ અને વચેટિયાઓના 'કમિશન' દ્વારા સરકારી નાણાંનો ખેલ

# કપડવંજ પાલિકા વિસ્તારમાં આવાસ યોજનામાં મોટાપાયે ગેરરીતિના આક્ષેપ

**જાગૃત** નાગરિકની ચીફ ઓફિસરને લેખિત રજૂઆત

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૧

કપડવંજ નગરપાલિકા ફરી એકવાર વિવાદોના મધપૂડા સમાન બની ગઈ છે. સરકારની અત્યંત મહત્વાકાંક્ષી એવી 'પ્રધાનમંત્રી આવાસ યોજના'માં વ્યાપક સ્તરે ગેરરીતિઓ થઈ હોવાની ગંભીર ફરિયાદ ઉઠતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. શહેરના એક જાગૃત નાગરિક દ્વારા ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે, જેમાં ગેરકાયદેસર રીતે આવાસો મંજૂર કરી સરકારી નાણાંનો રીતસર દુરુપયોગ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે તટસ્થ તપાસની માંગ કરવામાં આવી છે.

આ અંગે અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલા ૭ મુખ્ય મુદ્દાઓ મુજબ, કપડવંજ નગરપાલિકા વિસ્તારમાં નિયમોને નેવે મૂકીને અનેક ગેરકાયદેસર આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે જે લોકો પાસે અગાઉથી જ પોતાના પાકાં મકાનો ઉપલબ્ધ છે, તેવા લોકોએ ખોટા વહીવટી દસ્તાવેજો રજૂ કરીને આ યોજના હેઠળ આવાસ મેળવી લીધા છે. આ સમગ્ર પ્રક્રિયામાં યોજનાની સત્યતા તપાસવી અત્યંત જરૂરી બની છે. ચોંકાવનારી બાબત એ છે કે, યોજના અંતર્ગત મંજૂર થયેલા અનેક આવાસોના સ્થળની ખરાઈ કરવા માટે લેવામાં આવેલા જીઓ ટેગ (Geo-tag) તદ્દન ખોટા અને બોગસ લોકેશનના હોવાનું બહાર આવ્યું છે. કેટલાક કિસ્સાઓમાં તો સ્થળ પર આવાસનું કોઈ બાંધકામ જ થયું નથી, છતાં અન્ય સ્થળના ખોટા ફોટાઓ જોડીને આવાસ પૂર્ણ બતાવી દેવામાં આવ્યા છે અને સરકારી નાણાં ઉપાડી લેવાયા હોવાની પૂરેપૂરી આશંકા છે.

આ અંગે વધુમાં જણાવવામાં આવ્યું છે કે, અધિકારીઓ અને વચેટિયાઓ દ્વારા મસમોટું 'કમિશન' ઉઘરાવીને સરકારી સહાયના હપ્તાઓની રકમ સીધી ખાતામાં જમા કરાવી દેવામાં આવી છે. આ મનસ્વી અને ગેરકાયદેસર મંજૂરીઓને કારણે જેઓ ખરેખર ઝૂંપડામાં રહે છે અથવા ઘરવિહોણા છે, તેવા જરૂરિયાતમંદ ગરીબો યોજનાના લાભથી વંચિત રહી ગયા છે, જેનાથી સરકારના લોકાભિમુખ અભિગમની છબી ખરડાઈ રહી છે. જો વહીવટી તંત્ર દ્વારા મંજૂર થયેલા તમામ આવાસોની ફાઈલો, દસ્તાવેજો અને સોગંદનામાની ઝીણવટભરી તપાસ કરવામાં આવે તેમજ રૂબરૂ સ્થળ તપાસ હાથ ધરવામાં આવે, તો કરોડો રૂપિયાનું આવાસ કૌભાંડ બહાર આવી શકે તેમ છે.

# અરેરી ગામમાં ગ્રાન્ટના ૭૨ હજારની ઉચાપત?

**વીસીઈની** નિમણૂક વિના જ ૩૬ માસનું ઈન્સેન્ટિવ ચૂકવાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૧

મહેમદાવાદ તાલુકાની અરેરી ગ્રામ પંચાયતમાં સરકારી ગ્રાન્ટમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

આ અંગે અરેરીના સરપંચ ફુલીબેન ચૌહાણે જિલ્લા વિકાસ અધિકારી અને વિકાસ કમિશનરને કરેલી લેખિત ફરિયાદમાં જણાવ્યું છે કે, ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રી અંકિતકુમાર પટેલ અને તાલુકા પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટર રણજીત ઝાલાએ ભેગા મળીને આ કૌભાંડ આચર્યું છે. ગત ૧૮મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ, સુજન ઠાકોર નામના વ્યક્તિના ખાતામાં ૩૬ મહિનાના ઈન્સેન્ટિવ પેટે રૂ. ૭૨ હજાર જમા કરાવી દેવાયા હતા.

આ ઉચાપત કરવા માટે પીએફએમએસ સિસ્ટમની ડિજિટલ સિગ્નેચર એટલે કે ડોંગલ કીનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. આશ્ચર્યજનક રીતે, પેમેન્ટ મંજૂર કરવા માટે જરૂરી ઓટીપી સરપંચને ન મળે તે માટે આધાર લિંકમાં સરપંચના મોબાઈલ નંબરની જગ્યાએ સંડોવાયેલા શખ્સોએ પોતાનો નંબર એડ કરી દીધો હતો.

આ સમગ્ર પ્રકરણની તપાસ અંગે મહેમદાવાદના તાલુકા વિકાસ અધિકારી પંકજસિંહ મહીડાએ જણાવ્યું હતું કે, સરપંચની રજૂઆત તેમને મળી છે. આ મામલે તથ્ય જાણવા માટે એક વિશેષ ટીમ બનાવવામાં આવશે અને સમગ્ર ઘટનાની તટસ્થ તપાસ સોંપવામાં આવશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના ધારાસભ્ય રાજેશ ઝાલાએ પેટ્રોલ-ડીઝલ કાર ત્યજી ઈ-સ્કૂટર અને એસ.ટી. બસ અપનાવી

**કપડવંજ** | વડાપ્રધાનની અપીલને પગલે કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલાએ પેટ્રોલ-ડીઝલ કારનો ત્યાગ કરી પર્યાવરણ મૈત્રીપૂર્ણ પહેલ કરી છે. તેઓ હવે સરકારી કચેરીની મુલાકાત માટે ઇલેક્ટ્રિક સ્કૂટર અને અન્ય મુસાફરી માટે એસ.ટી. બસનો ઉપયોગ કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે ઈ-સ્કૂટર પર તાલુકા પંચાયતની મુલાકાત લીધી હતી અને કપડવંજથી કઠલાલ સુધીની મુસાફરી એસ.ટી. બસમાં કરી હતી. આ પ્રવાસમાં તેમની સાથે પીએ, બોડીગાર્ડ અને ટેકેદારોએ પણ એસ.ટી. બસમાં મુસાફરી કરી લોકસેવાનો નવો રાહ ચીંધ્યો છે.



### કપડવંજ શહેરમાં ડે-નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં જય અંબે ફાયટર્સ વિજેતા બન્યાં



**કપડવંજ** | કપડવંજ કોલેજ ગ્રાઉન્ડ ખાતે સન્ડે ગ્રુપ અને માલધારી ગ્રુપ દ્વારા આયોજીત ડે-નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં જય અંબે ફાયટર્સે કચ્છી કિંગ ઈલેવનને હરાવી વિજય મેળવ્યો છે. વિજેતા ટીમને ટ્રોફી અને રોકડ ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સન્ડે ગ્રુપના નારાયણભાઈ દેસાઈના સફળ આયોજનની સૌએ સરાહના કરી હતી અને મોટી સંખ્યામાં પ્રેક્ષકોએ હાજરી આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીએ વિજેતા ટીમને અને ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સી.ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનું એસ.એસ.સી. બોર્ડમાં ઝળહળતું પરિણામ



**કપડવંજ** | કપડવંજની સી.ડી. ગાંધી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલની વિદ્યાર્થીની પટેલ દેવાંગી અમિતકુમારે એસ.એસ.સી. ૨૦૨૬ની બોર્ડ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. તેણીએ ઇંગ્લીશ મીડીયમ કેન્દ્રમાં પ્રથમ અને સમગ્ર કપડવંજ સેન્ટરમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ઝળહળતી સફળતા બદલ શાળા પરિવાર અને પંથકમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.

### કપડવંજમાં ૪૬૬ વર્ષ પ્રાચીન શાંતિનાથજી અને આદેશ્વર જૈન દેરાસરની ભવ્ય સાલગીરા ઉજવાઈ

**કપડવંજ** | કપડવંજ ખાતે શુક્રવારના રોજ ૪૬૬ વર્ષ જૂના ઐતિહાસિક કાચના શ્રી શાંતિનાથજી અને શ્રી આદેશ્વર જૈન દેરાસરની સાલગીરા હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવી હતી. આ મંગલ પ્રસંગે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, સત્તર ભેદી પૂજા અને રાત્રિના સમયે ભાવભરી પ્રભુ ભક્તિના વિશેષ કાર્યક્રમો યોજાયા હતાં. આ ઉત્સવના ભાગરૂપે દેરાસરો પર ભક્તિભાવ પૂર્વક ધ્વજા ગજારોહણની વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં જૈન સંઘના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન અને પ્રભુભક્તિનો અમૂલ્ય લ્હાવો લીધો હતો.



### ચારુસેટ હોસ્પિટલમાં અત્યાધુનિક 'ઈ.એન.ટી. એન્ડોસ્કોપી ક્લિનિક'નો પ્રારંભ કરાયો



**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ હોસ્પિટલમાં અત્યાધુનિક ઈ.એન.ટી. એન્ડોસ્કોપી ક્લિનિકનો પ્રારંભ થયો છે, જેનું ઉદઘાટન સંસ્થાના અગ્રણી સુરેન્દ્રભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ક્લિનિકમાં લાઈવ વર્ક સ્ટેશન અને ટીવી સ્ક્રીન દ્વારા કાન, નાક અને ગળાના રોગોનું સચોટ નિદાન તથા આધુનિક પાવર ઈન્સ્ટ્રુમેન્ટ દ્વારા શ્રેષ્ઠ સારવાર પૂરી પાડવામાં આવશે. અહીં PMJAY યોજના હેઠળ રાહત દરે ઓપરેશન તેમજ એલર્જી અને વર્ટીગો (ચક્કર) ક્લિનિકની વિશેષ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ENT સારવાર હવે વધુ સરળ, ઝડપી અને અસરકારક બનશે, જેનો લાભ લેવા હોસ્પિટલ તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

### લુણાવાડાના હરદાસપુરમાં ક્રિકેટના મેદાન પર ખેલાયો પારિવારિક સ્નેહનો અનોખો જંગ

**લુણાવાડા** | હરદાસપુર મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં માતા વિરુદ્ધ દીકરીનો રોમાંચક મુકાબલો જોવા મળ્યો, જેમાં માતાએ દીકરીને બોલ્ડ કરી રમતનો અસલી રોમાંચ જગાડ્યો હતો. મેદાન પર ન્યાય આપનાર અમ્પાયર તરીકે પુત્રએ ફરજ બજાવી, જ્યારે અંતિમ ક્ષણોમાં કાકીની બોલિંગ સામે ભત્રીજીએ રન લઈ પોતાની ટીમને વિજય અપાવ્યો હતો. હાર-જીત કરતા વધુ અહીં પરિવારના સભ્યો વચ્ચેના અતૂટ સંબંધો અને મેદાન પરના અવિસ્મરણીય દ્રશ્યો પ્રેક્ષકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ અનોખી ટુર્નામેન્ટ હરદાસપુરના પરિવારોની એકતા અને નારી શક્તિના ભવ્ય ઉત્સવ તરીકે સંપન્ન થઈ હતી.



### મહીસાગરના કાકાના ચમારીયા ગામે ખેડૂત તાલીમ અને જાગૃતિ શિબિર યોજાઈ



**લુણાવાડા** | ગુજરાત સરકારના કૃષિ વિભાગ દ્વારા મહીસાગર જિલ્લાના ૭૦૩ ગામોમાં રાસાયણિક ખાતરોના સંતુલિત ઉપયોગ માટે વિશેષ જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરાયો છે. આ અંતર્ગત લુણાવાડાના કાકા ના ચમારીયા ગામે જિલ્લા ખેતીવાડી અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલી શિબિરમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન અપાયું હતું. શિબિરમાં યુરિયા અને ડી.એ.પી.ના વિકલ્પ તરીકે નેનો યુરિયા, બાયો ફર્ટિલાઈઝર્સ અને જીવામૃત જેવા સેન્દ્રીય ખાતરો વાપરવા પ્રોત્સાહિત કરાયા હતા. આ કાર્યક્રમ દરમિયાન અધિકારીઓએ પ્રગતિશીલ ખેડૂતની વાડીની મુલાકાત લઈ તેમની આધુનિક ખેતી પદ્ધતિનું પ્રત્યક્ષ નિરીક્ષણ પણ કર્યું હતું.

### જે.એમ. પટેલ આર્ટ્સ કોલેજની એનસીસી કેડેટની એડવેન્ચર ટ્રેનિંગ કેમ્પ માટે પસંદગી

**આણંદ** | આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજ ટીવાય બીએમાં અભ્યાસ કરતા અને 13 ગુજરાત બટાલિયન એનસીસીની વી. વી. નગર શાખાના જીટી રોહિત બંસરીની સ્પેશિયલ એડવેંચર ટ્રેનીંગ કેમ્પ માટે પસંદગી થઈ છે. આ નોંધપાત્ર સિધ્ધી માટે સંસ્થાના સ્થાપક પ્રમુખ બિપિનચંદ્ર પી. પટેલ (વકીલ), એપીએમએસના વાઇસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલ,એડમીન વિભાગના ડો. યુગ્માબેન પટેલ, એનસીસીના ઓફિસર્સ, અને સાથી એનસીસી કેડેટ્સએ અભિનંદન આપી શુભેચ્છા પાઠવી છે.



### લુણાવાડાના હરદાસપુર ગામે પાંચ દિવસીય 'પાટોત્સવ મહોત્સવ'ની ભવ્ય પૂર્ણાહુતિ



**લુણાવાડા** | લુણાવાડાના હરદાસપુર ગામે રામેશ્વર યુવક મંડળ દ્વારા આયોજિત પાંચ દિવસીય 'પાટોત્સવ મહોત્સવ-૨૦૨૬' વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો સાથે સંપન્ન થયો હતો. આ મહોત્સવ દરમિયાન મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ, રક્તદાન શિબિર અને બાળકો માટે 'બાળપણનો ઉત્સવ' જેવા રચનાત્મક કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર રહ્યાં હતાં. અંતિમ દિવસે ભગવાન રામેશ્વર મહાદેવની શોભાયાત્રા અને મહાઆરતી બાદ ગ્રામજનોએ સમૂહ પ્રસાદ ગ્રહણ કરી કોમી એકતા અને ભાઈચારાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે ભવ્ય લોક ડાયરો યોજાયો હતો.

### બાકોર મોડેલ સ્કૂલ ખાતે શિસ્ત અને કાયદાકીય જાગૃતિ માટે 'સ્ટુડન્ટ પોલીસ કેડેટ કેમ્પ' યોજાયો

**લુણાવાડા** | મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા યુવા પેઢીમાં સંસ્કાર અને શિસ્ત લાવવાના ઉમદા આશય સાથે બાકોર મોડેલ સ્કૂલ ખાતે SPC કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. નાયબ પોલીસ અધિક્ષકની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને કાયદાનું જ્ઞાન, ટ્રાફિક નિયમો, સાયબર ક્રાઈમ અને સ્વરક્ષણ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં નાની ઉંમરથી જ દેશભક્તિ, નાગરિક ભાવના અને જવાબદાર નાગરિક બનવા માટેના ગુણોનું સિંચન કરવાનો છે. પોલીસ અને જનતા વચ્ચેનો સેતુ મજબૂત કરવાના પ્રયાસમાં શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.



### આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વડોદ ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજવામાં આવી

**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના સણસોલી કેન્દ્ર દ્વારા વડોદમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં દસકોઈ તાલુકાના નવ ગામના ૧૭૧ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને જીવામૃત, ઘનામૃત અને બીજામૃત બનાવવાની પદ્ધતિઓ તેમજ જમીન સ્વાસ્થ્યની જાળવણી વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ દરમિયાન સંકલિત પાક પોષણ અને સોલર ઝટકા ફેન્સિંગ દ્વારા ભૂંડ અને રોઝથી થતું પાક નુકસાન અટકાવવાની આધુનિક તકનીકો વિશે પણ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

